**ફોજદારી કેસ નંબર–૧૪૧/૨૦૨૩**

सत्यमेव जयते

| | |
|---|---|
| GJJM090002092023 | કેસ દાખલ તા.: ૧૦/૦૪/૨૦૨૩ |
| | કેસ નોંધ્યા તા.: ૧૦/૦૪/૨૦૨૩ |
| | ઠરાવ જાહેર તા.: ૧૭/૦૪/૨૦૨૬ |
| | અવધિ: ૦૩ વર્ષ,૦ માસ,૦૭ દીવસ |

**<u>જોડીયાના મહેરબાન જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા</u>**

**આંક–**

**ફરીયાદી......** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી......** ધર્મેશ ઉર્ફે ધમભાઈ છરી હરેશભાઈ યાદવ
ઉ.વ.–૩૩, ધંધો–પ્રા.નોકરી
રહે. રાજકોટ, રેલનગર, સાધુવાસવાણી કુંજ રોડ,
શ્યામજીકૃષ્ણ વર્મા ટાઉનશીપ, સી–૫૦૮,
જિ.રાજકોટ

**ગુનો:**–ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૫૦૭ મુજબ

| | |
|---|---|
| ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીઃ | શ્રી એન.કે.પરમાર |
| બચાવપક્ષ તરફે વિ. વકિલશ્રીઃ | શ્રી આર.બી.પંડ્યા |

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૯/૧૨/૨૦૨૨ના રોજ ક.૨/૧૫ વાગ્યાથી તારીખ ૨૦/૧૨/૨૦૨૨ના રોજ ક.૧૨/૨૬ વાગ્યા સુધી વારંવાર ફરીયાદીને મચ્છીના વેપાર બાબતે તથા પ્લોટ બાબતે તથા રૂપિયા આપવા બાબતે ભુંડી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ જોડીયા પો.સ્ટે.માં કરેલ અરજીસ પાછી ખેંચી લેવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૫૦૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ. જે બાબતે જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ફરીયાદ આપતા તે એ પાર્ટ ગુના રજી. નં. ૧૧૨૦૨૦૨૫૨૨૦૪૩૪/૨૦૨૨ થી નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઇ આવતા આરોપીઓ વિરૂદ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલુ.

(૨) આ કામે આરોપીને પ્રોસેસની બજવણી થતા, આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ હોય, આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ. આરોપીઓ સામે આંક–૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તેઓની સામે ફરમાવેલ તહોમત અંગે આરોપીની આંક–૬ થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર કરેલ, જેથી આ કામે ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

**<u>–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :–</u>**

| ક્રમ | <u>વિગત</u> | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી અનવર સુલેમાન જુણેજાની જુબાની | ૯ |
| ૨ | અસલ ફરીયાદ | ૧૦ |
| ૩ | પંચ સાહેદ રામજીભાઇ વાલાભાઇ ટોયટાની જુબાની | ૧૯ |
| ૪ | મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું અસલ | ૨૦ |
| ૫ | કબ્જે કરેલ પેનડ્રાઇવ | ૨૧ |
| ૬ | પંચ સાહેદ રજાકભાઇ ઇબ્રાહીમભાઇ નાંધીયાની જુબાની | ૨૬ |
| ૭ | આરોપીની અટક અંગેનું પંચનામું | ૨૭ |
| ૮ | પંચ સહેદ હમીદ અયુબ છરેચાની જુબાની | ૩૦ |
| ૯ | સાહેદ નુરજહાં અનવર જુણેજાની જુબાની | ૩૧ |
| ૧૦ | સાહેદ સાહીનાબેન અનવરભાઇ જુણેજાની જુબાની | ૩૪ |
| ૧૧ | સાહેદ સુલતાન સુલેમાન જુણેજાની જુબાની | ૩૫ |
| ૧૨ | સાહેદ સબીરભાઇ ઇશાભાઇ કમોરાની જુબાની | ૪૭ |
| ૧૩ | ત.ક.અ. મેસુરભાઇ દેસુરભાઇ શિયારની જુબાની | ૪૮ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રીની આંક–૫૧ થી પુરાવો પુરો થયાની પુરશીસ આપી પુરાવો પુરો થયો હોવાનુ જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકિકતનો સ્વિકાર કરેલ છે. જ્યારે બાકીના પુછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કાર ભર્યો જવાબ

આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે.

**(૫)** ત્યાર બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**(૬)** ઉપરોક્ત હકિકતો તેમજ રજુ થયેલ પુરાવો તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| **(૧)** | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૯/૧૨/૨૦૨૨ના રોજ ક.૨/૧૫ વાગ્યાથી તારીખ ૨૦/૧૨/૨૦૨૨ના રોજ ક.૧૨/૨૬ વાગ્યા સુધી વારંવાર ફરીયાદીને મચ્છીના વેપાર બાબતે તથા પ્લોટ બાબતે તથા રૂપિયા આપવા બાબતે ભુંડી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ જોડીયા પો.સ્ટે.માં કરેલ અરજીસ પાછી ખેંચી લેવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૫૦૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ? |
| **(૨)** | શું હુકમ ? |

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | નકારમાં. |
| **(૨)** | આખરી હુકમ મુજબ. |

**–:: કારણો ::–**

**<u>(૮) મુદ્દા નંબર ૧</u> ::–**

ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઈ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

**(૮.૧)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૯ થી ફરીયાદી અનવર સુલેમાન જુણેજાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના પરિવારમાં તેઓના પત્નિ, બે દિકરા અને એક દિકરી છે અને તેઓ મચ્છીનો વેપાર કરીને ગુજરાન ચલાવે છે. આશરે છ આઠ મહીના પહેલા ધમો છરીનો ફોન આવેલો તેના નંબર હાલ તેમને યાદ નથી અને જણાવેલ કે, બે લાખ રૂપીયા આપવાનુ જણાવેલ અને જો તે ન આપે તો તેઓની દિકરી પર બળાત્કાર કરવાની ધમકી આપેલ. આ બનાવની તેઓને રાત્રીના બે વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી આરોપીએ ધમકી આપેલ. ત્યારબાદ તેઓએ આરોપી વિરૂધ્ધ જોડીયા પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરેલી. જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. ઉપરોકત બનાવની રેર્કડીંગ તેઓના ફોનમાથી પેનડ્રાઈવ રૂપે તેઓએ પોલીસ ખાતાને આપેલી. આ સિવાય જોડીયા બસ સ્ટેશન પાસે તેઓનો પ્લોટ આવેલ હોય જે બાબતે ભાઈ અને પીતાજી સાથે તકરાર ચાલતી હોય અને તે બાબતનો કેસ ચાલતો હોય તે પાછો ખેંચવા માટે આરોપી ધમો છરીએ ધમકી આપેલી તેમ જણાવી આરોપીને ઓળખતા

હોવાનું જણાવેલ છે. તેઓએ જોડીયા પોલીસને તકરારી પ્લોટ જે જોડીયા પોલીસ સ્ટેશન પાસે આવેલ છે તેની નકલ આપેલી છે. સરતપાસમાં તેઓએ જે પ્રમાણિત નકલ બાબતે રજુઆત કરેલી તે જે જોડીયા સિવિલ કોર્ટમાં દાવા બાબતે રજુ રાખેલ છે, દાવાના નંબર રે.દી.મુ. નંબર–૬૫/૨૦૨૨ છે અને પ્લોટનો વેરો પણ ભરે છે અને તે પ્લોટમાં તાલુકા પંચાયત જોડીયામાથી ૯૦૦૦૦/– રૂપિયા સહાય મંજુર થયેલ છે પરંતુ તેઓને મળેલ નથી. આરોપીને જોયે ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકત જણાવેલ છે કે, તેઓ મચ્છીનો વેપાર કરે છે, તેઓએ ફરીયાદ આપ્યા બાદ બીજા દીવસે પોલીસે તેઓનું નિવેદન લીધેલુ. વધુમાં સદર સાહેદ ઉલટતપાસમાં એ હકિકતોનો સ્વિકાર કરે છે કે, આરોપીએ ફોનમાં બે લાખ રૂપિયા આપવાનું જણાવેલુ જો ન આપુ તો તેઓની દિકરી ઉપર બળાત્કાર કરવાની ધમકી આપેલ જે તેઓએ પોતાની ફરીયાદમાં જણાવેલ નથી. સાહેદ જણાવે છે કે પોલીસને તેઓએ આ હકિકત જણાવેલી અને તે બાબતની તેઓએ પેનડ્રાઇવ પણ આપેલી છે.

આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઇન્કાર કરેલ છે.

**(૮.૨)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૦ વાળા મુદ્દામાલ કબ્જે કર્યાનાં પંચનામાના પંચ સાહેદ રામજીભાઇ વાલાભાઇ ટોયટાનાઓને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે તથા જે પંચ સાહેદ પોતાની પંચનામામાં તથા પેનડ્રાઇવ કબ્જે કર્યાના વર્ણનવાળી પાવતિમાં પોતાની સહી ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાની કે પેનડ્રાઇવ કબ્જે કર્યાની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોઇ સદર પંચ સાહેદને

ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી. આમ, સદર પંચ સાહેદના પુરાવાથી આંક–૨૦ વાળુ મુદ્દામાલ પેનડ્રાઇવ કબ્જે કર્યાનું પંચનામું તથા પેનડ્રાઇવ કબ્જે કર્યાના વર્ણનવાળી પાવતિની હકિકતો સાબીત થતી નથી.

(૮.૩) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૭ વાળા આરોપીની અટક અંગેનાં પંચનામાના પંચ સાહેદ રજાકભાઇ ઇબ્રાહીમભાઇ નાંધીયાનાઓને આંક–૨૬ થી તથા હમીદ અયુબ છરેચાનાઓને આંક–૩૦થી તપાસવામાં આવેલ છે તથા જે પંચ સાહેદ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોઇ સદર પંચ સાહેદને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી. આમ, સદર પંચ સાહેદોના પુરાવાથી આંક–૨૭ વાળુ અટક પંચનામું સાબીત થતુ નથી.

(૮.૪) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૧ થી સાહેદ નુરજહાં અનવર જુણેજાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેણીના પરિવારમાં તેણી તથા બે દિકરા અને એક દિકરી બધા સાથે રહે છે. દિકરીનું નામ સાહીન છે. બનાવ આશરે અઢી વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે ઘરના તમામ સભ્યો હાજર હતા. બનાવમાં તેમના ઘરવાળા અનવર પર રાત્રીના ૨–૨.૧૫ વાગ્યે ફોન આવેલો અને કહેલ કે હું ધમો છરી બોલુ છુ અને ધમકી અને ગાળો આપેલી. બનાવમાં જોડીયા બસ સ્ટેન્ડ પાસે તેઓનો પ્લોટમાં તેઓએ દાવા કરેલ હોય જે બાબતે ધમકી આપેલી અને ગાળો બોલેલી અને

ફોનમાં પણ ગાળો બોલતા હતા. જેથી તેણી જાગી ગયા હતા. બનાવ બાબતની ફરીયાદ તેણીના ઘરવાળાએ કરેલી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકત જણાવેલ છે કે, બનાવ કઇ તારીખે બનેલ તે તેણીને હાલ યાદ નથી. વધુમાં સદર સાહેદ ઉલટતપાસમાં એ હકિકતોનો સ્વિકાર કરે છે કે, પોલીસવાલાઓએ ફક્ત તેણીનું નામઠામ પુછેલુ. આરોપીઓ કઇ ભુંડી ગાળો બોલતા હતા તે નિવેદનમાં લખાવેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે જણાવી શકાય તેવી નથી.

આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

(૮.૫) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૪ થી સાહેદ સાહીનાબેન અનવર જુણેજાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી અનવર સુલેમાન તેણીના પિતા થાય છે. બનાવ બે વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેણી પોતાના ઘરે હતી ત્યારે રાત્રીના સવા બે ની આસપાસ આરોપી ધર્મેશ ઉર્ફે ધમભા છરીનો તેણીના પિતાના મોબાઇલમાં ફોન આવેલ અને તેણીના પિતાને ધમકીઓ આપતા હતા અને જણાવેલ કે બસ સ્ટેશન પાસે એક પ્લોટ બાબતે કેસ કરેલો છે તે પરત લઇલો તેમ જણાવી તેણીના પિતાને ખરાબ ખરાબ શબ્દોમાં કોર્ટમાં બોલી શકાય નહી તેવા શબ્દો વાપરેલા. ત્યારબાદ આ બનાવ બાબતે તેણીના પિતાએ જોડીયા પો.સ્ટે.માં આ કામના આરોપી ધર્મેશ ઉર્ફે ધમભા છરીનાઓ વિરૂદ્ધ ફરીયાદ આપેલી. પોલીસે બનાવ બાબતે તેણીનું નિવેદન લીધેલ. તેણીના પિતાને ધમકી આપનારને કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકત જણાવેલ છે કે, હાલ તેણી આઇ.ટી.આઇ. નો અભ્યાસ કરે છે, તેણીના પિતા જમીનનો ધંધો કરે છે, તેણીના પિતાજીના કામધંધા બાબતે બે વર્ષ અગાઉ બહાર રહેતા હોય અને તે સમયે મચ્છી વેચાણનો ધંધો કરતા હતા કે કેમ તે તેણી કહી શકે નહી, તેણીના પિતાજીએ જે દિવસે ફરીયાદ આપેલી તે જ દિવસે પોલીસે તેણીનું નિવેદન લીધેલ હતુ. વધુમાં સદર સાહેદ ઉલટતપાસમાં એ હકિકતોનો સ્વિકાર કરે છે કે, ફોન પર પ્લોટ બાબતના કેસ અંગે ધમકી આપેલ તે તેણીના નિવેદનમાં જણાવેલ નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઇન્કાર કરેલ છે.

(૮.૬) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૫ થી સાહેદ સુલતાન સુલેમાન જુણેજાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી અનવર સુલેમાનભાઇ તેઓના સગા ભાઇ થાય છે. આ બનાવને આશરે બે વર્ષ જેટલો સમય થયેલ છે. બનાવ સમયે તેઓ રાજકોટ મુકામે રહેતા હતા. બીજા દીવસે તેઓને તેઓના બનેવી શબ્બીરભાઇએ ફોનમાં જણાવેલ કે રાત્રીના ધમભાઇને જોડીયા પો.સ્ટે.માં ક્રાઇમ બ્રાંચ પોલીસ લઇ ગયેલ છે અને તેઓને જોડીયા ખાતે જવાનુ હોવાનું જણાવેલ. ત્યારબાદ તેઓ તથા તેઓના બનેવી જોડીયા આવીને જે જમીનની કાર્યવાહી કરવાની થતી હોય તે કાર્યવાહી જાણીને તેઓ રાજકોટ મુકામે જતા રહેલ અને બીજા દિવસે ધમભાઇના જામીન થતા તેઓ ફરી જોડીયા મુકામે આવેલ અને સાંજના જોડીયાથી જતા રહેલ. આના સિવાય બીજી શી બાબતનો કેસ છેતેની ચોક્કસ માહીતી નથી. હવે પછી તેઓ કહે છે કે બનાવમાં ધમભાઇએ તેઓની ભત્રીજીને ગાળો આપેલાની માહીતી છે. આના શિવાય કશુ જાણતા નથી. ત્યારબાદ વિ.એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતા એ હકિકતનો સ્વિકાર કરેલ છે

કે તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે તારીખ ૧૯/૧૨/૨૦૨૨ના રોજ સવારનમાં આશરે દસેક વાગ્યાના સમયે ધર્મેશભાઇ હરેશભાઇ યાદવનો ફોન આવેલ અને કહેલ કે તેઓએ કાલે રાત્રે મારા ભાઇ અનવરને મોબાઇલ ફોનમાં મા–બહેન સમાની ગાળો આપેલ અને ધમકી આપેલ કે અમારી ગાડી વચ્ચે કે મચ્છીના વેપારમાં તારે આડુ પડવુ નહી આમ વાત કરીને ફોન કાપી નાંખેલ અને ત્યારબાદ શબ્બીરનો ફોન આવેલ અને તેઓને કહેલ કે ધમભાઇએ અનવરને રાત્રે ગાળો આપેલી છે અને ધમકાવેલ છે આમ વાત કરેલી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરે છે કે, તેઓના બનેવી શબ્બીરભાઇ, તેઓના ભાઇ અનવરભાઇ તથા આ કામના આરોપી ધમાભાઇ ભાગીદારીમાં મચ્છીનો વેપાર કરતા હતા, આ ભાગીદારીમાં ધંધામાં બે લાખ રૂપિયાનું રોકાણ ધમભાઇએ કરેલ હતુ, આ ભાગીદારીના ધંધામાં ખોટ ગઇ અને ધમભાઇના બે લાખ રૂપિયા ડુબી ગયેલા, તેઓએ નિવેદનમાં આરોપી ધમભાઇએ ભત્રીજીને ગાળો આપેલ તેવુ લખાવેલ નથી.

(૮.૭) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૭ થી સાહેદ સબીરભાઇ ઇશાભાઇ કમોરાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી અનવર સુલેમાન જુણેજા તેઓના સગા સાળા થાય છે. બનાવને કેટલા વર્ષ પહેલા થયેલ તે ખ્યાલ નથી. બનાવ અંગે તેઓ કાંઇ જાણતા નથી. પોલીસે તેઓને બોલાવેલ અને નામ સરનામું પુછેલ આના સિવાય બીજુ કાંઇ બનેલ નહી. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરે છે કે, અનવરભાઇ તેઓના સાળા થાય છે, અનવરભાઇ, ધર્મેશભાઇ તથા તેઓ સાથે મચ્છીનો વેપાર રાજકોટ મુકામે કરતા હતા, અનવરભાઇ છે અવારનવાર રાજકોટ આવતા જતા અને હાલ પણ રાજકોટ આવે જાય છે, ધર્મેશભાઇએ અનવરભાઇ પાસે ધંધામાં ખોટ ગયેલ તેના બે લાખ રૂપિયા માંગતા હતા જેથી હાલની ફરીયાદ કરેલ છે.

(૮.૭) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૮ થી તપાસ કરનાર અમલદાર મેસુરભાઇ દેસુરભાઇ શિયારનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તારીખ ૨૦/૧૨/૨૦૨૨ ના રોજ ફરીયાદી અનવરભાઈ સુલેમાનભાઈ જુણેજા વાળાઓની ફરીયાદ પો.સબ.ઈન્સ આર. ડી. ગોહીલનાઓએ પોતાના રૂબરૂ લઈ જે ગુન્હા રજી નં – ૪૩૪/૨૦૨૨, ઈ.પી.કો કલમ ૫૦૪, ૫૦૬(૨),૫૦૭ મુજબ લઈ આગળની તપાસ તેઓ તરફ ડેપ્યુટ કરતા જેમાં આ કામના ફરીયાદીને આરોપી ધર્મેશ ઉર્ફે ધમભાઇ છરી રહે.રાજકોટવાળાએ પ્લોટ બાબતે તથા રૂપીયા બાબતે મોબાઈલ ફોન પર ભુંડી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય જેની આગળની તપાસ કરતા પંચનામું કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. બાદ આ કામના આરોપી ધર્મેશ ઉર્ફે ધમભાઇ છરી હરેશભાઇ યાદવ રહે. રાજકોટવાળાને ગુનાના કામે ધોરણસર અટક કરેલ તેમજ આ કામે ફરીયાદી સાથે આરોપીએ ટેલીફોનીક રીતે ફોનમાં ધમકી આપેલ હોય તે બાબતેનું કોલ રેકોર્ડીંગ તપાસના કામે કબજે કરેલ બાદ આ કામના આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય જેથી તમો વિરુધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આંક ૨૧ વાળુ પેનડ્રાઈવ કબજે કરેલ તે પંચનામું તેઓએ બે પંચોની હાજરીમાં કરેલ તે જ હોવાનુ જણાવેલ તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આંક – ૨૭ વાળુ અટક પંચનામું તેઓએ બે પંચોની

હાજરીમાં કરેલ તે જો હોવાનું જણાવી રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે તથા તમો આરોપીને ઓળખતા હોવાનુ જણાવેલ છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરે છે કે, ઈલેક્ટ્રોનીક્ટ એક્ટ મુજબ કોઇ પુરાવો નામ. કોર્ટમાં રજુ કરવો હોય ત્યારે ૬૫ બીનું પ્રમાણપત્ર રજુ કરવુ પડે, આ કામે સાહેદ તરીકે ફરીયાદીના પરિવારજનોના જ નિવેદનો લીધેલ છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

(૯) ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી વિરૂદ્ધ જે આક્ષેપ છે તે બાબતે કાયદાકિય જોગવાઇ જોવામાં આવે તો,

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ – સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબત :–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યક્તિ, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યક્તિનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬ઃ– ગુનાહિત ધમકી માટેની શિક્ષા :–**

જે કોઈ વ્યક્તિ, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરેની કરવાની હોય તો અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની આજીવન કેદની અથવા સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્ર્યહિનતાનું આળ મૂકવાનું હોય, તો તેને સાત વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૭ઃ– નનામા પત્રથી ગુનાહિત ધમકી:–**

જે કોઈ વ્યક્તિ, નનામા પત્રથી કે સંદેશાવ્યવહાર મારફત અથવા ધમકી આપનારનું નામઠામ છુપાવીને, સાવચેતી રાખીને ગુનાહિત ધમકી આપે, તેને ઉપરની છેલ્લી કલમમાં તે ગુના માટે ઠરાવેલી શિક્ષા ઉપરાંત બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે.

**(૧૦)** ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો, આ કામે પેનડ્રાઇવ કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદને તપાસવામાં આવેલ છે જેઓએ સદર પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી પેનડ્રાઇવ કબ્જે કર્યાના પંચનામાની વિગતો પુરવાર થતી નથી. આરોપીઓને અટક કર્યાના પંચનામાનાં પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તેઓ પણ ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થન કરતા નથી. જેથી આરોપીની અટકના પંચનામાની વિગતો પણ પુરવાર થતી નથી.

આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) નો આક્ષેપ છે. પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટનાઓએ 2007 (1) G.L.H. 337, Pravinbhai Becherbhai Vankar and Ors. Versus State of Gujarat ના ચુકાદામાં ઠરાવેલ છે કે, In order to convict

an accused under section 504 of Indian Penal Code the actual words used by accused must be coming on record by the prosecution from the mouth of the witness. The insult as envisaged in s.504 must not only be intentional but also thereby must give provocation to person insulted to break public peace or to commit any other offence. સદર કામે આરોપીઓ દ્વારે ફરીયાદીને કઇ ગાળો આપેલ તે જણાવેલ નથી તથા આવી ગાળોથી તેઓને કોઇ ઉશ્કેરણી થઇ હોઇ તેવો પણ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આજ ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે ઠરાવેલ છે કે In order to convict an accused under setion 506(2) of the Indian Penal Code, threat as contemplated in s.506 must cause alarm in the mind of person so threatened. જે બાબતે હાલના કામે ફરીયાદી દ્વારા જાનથી મારી નાખવાની ધમકીથી તેઓને જીવનું જોખમ લાગેલ હોય તેમ જણાવતા નથી. આજદિન સુધી તેઓને આ ધમકીના લીધે વેઠવુ પડેલ હોઇ તેવુ પણ જણાવેલ નથી. આ સિવાય આરોપી ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૭ મુજબના ગુનાનો આક્ષેપ છે પરંતુ સદર કલમ મુજબના આવશ્યક તત્વો સામે આવેલ નથી. જેથી આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૫૦૭ મુજબના ગુનામાં તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આ કામે ફરીયાદીની જુબાની જોવામાં આવે તો તેમાં જણાવેલ છે કે આરોપીએ બે લાખ રૂપિયા આપવાનું જણાવેલ અને જો હુ ન આપુ તો મારી દીકરી પર બળાત્કાર કરવાની ધમકી આપેલ. પરંતુ આવી હકિકત તેઓએ પોતાની ફરીયાદમાં જણાવેલ નથી. કોઇપણ સાહેદ દ્વારા પણ આ હકિકતને સમર્થન આપેલ નથી. જે બાબત શંકા ઉપજાવે છે. ત્યારબાદ આંક–૩૧ થી તપાસેલ સાહેદ કે જે ફરીયાદીના પત્નિ છે તેની જુબાની જોવામાં આવે તો તેઓએ ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે પોલીસવાળાએ તેઓનું ફક્ત નામઠામ

પુછેલુ. ત્યારબાદ આંક–૩૪ વાળા સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓ આરોપીને કઇ રીતે ઓળખે છે તે રેકર્ડ પર આવેલ નથી. હાલનો કહેવાતો બનાવ ફોનમાં બનેલ છે. આરોપી રાજકોટના વતની છે તો સદર સાહેદ તેઓને કેવી રીતે ઓળખી બતાવે છે તથા તેઓના પિતાને ગાળો આપવાની કે ધમકી આપવાની હકિકત જણાવે છે તે હાલના આરોપીએ જ આપેલ છે તે તેઓ ચોક્કસ શેના આધારે કહે છે તે પણ રેકર્ડ પર આવેલ નથી. જેથી સદર સાહેદનો પુરાવો પણ શંકા ઉપજાવે છે.

વધુમાં આંક–૩૫ થી તપાસેલ સાહેદ સુલતાન સુલેમાન જુણેજાને આરોપીએ તેઓની ભત્રીજીને ગાળો આપેલાનુ જણાવે છે તે હકિકત ફરીયાદી તથા અન્ય કોઇ સાહેદો જણાવતા નથી તથા ઉલટતપાસમાં સ્વિકારે છે કે તેઓના બનેવી શબ્બીરભાઇ તથા તેઓના ભાઇ ફરીયાદી અનવરભાઇ તથા આરોપી ભાગીદારીમાં મચ્છીનો વેપાર કરતા હતા. જ્યારે ફરીયાદી આ હકિકતનો ઇન્કાર કરે છે. સદર સાહેદ દ્વારા એ હકિકત પણ સ્વિકારે છે કે આ ભાગીદારીના ધંધામાં ખોટ ગઇ અને ધમભાઇના બે લાખ રૂપિયા ડુબી ગયેલા. જેથી સદર સાહેદની જુબાની તથા ફરીયાદીની જુબાનીમાં વિરોધાભાષ ઉભો થાય છે.

વધુમાં આંક–૪૭ થી સબીરભાઇ ઇશાભાઇ કમોરાને તપાસેલ છે. જેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. સદર સાહેદ ફરીયાદીના સગા સાળા છે તેમ છતાં ફરીયાદીની હકિકતોને સમર્થન આપતા નથી. તેઓ પણ પોતાની ઉલટતપાસમાં ફરીયાદી અનવરભાઇ, ધર્મેશભાઇ અને તેઓ મચ્છીનો વેપાર રાજકોટ મુકામે કરતા હતા તથા  અનવરભાઇ હાલ પણ રાજકોટ આવે જાય છે તે હકિકત સ્વિકારેલ છે. એ હકિકતનો પણ સ્વિકાર કરેલ છે કે ધર્મેશભાઇએ અનવરભાઇ પાસે ધંધામાં ખોટ ગયેલ તેના બે લાખ રૂપિયા માંગતા હતા જેથી

હાલની ફરીયાદ કરેલ છે. આમ સદર સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષની હકિકતોમાં શંકા ઉભી થાય છે.

આ કામે આંક–૪૮ થી તપાસ કરનાર અમલદારને તપાસવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદાર દ્વારા પેનડ્રાઇવ કબ્જે કરવામાં આવેલ છે તેનું આઇ.ટી. એક્ટની જોગવાઇ મુજબનું ૬૫ બી નું સર્ટીફીકેટ મેળવેલ નથી. જેથી સદર પેનડ્રાઇવનો પુરાવો માન્ય રહેતો નથી. સદર પેનડ્રાઇવ કબ્જે કર્યાના પંચનામાના પંચો દ્વારા પણ સમર્થન મળેલ નથી. તપાસ કરનાર દ્વારા ફરીયાદીના પરિવારજનોના જ નિવેદનો લીધેલ છે. એ સિવાય સદર પેનડ્રાઇવ બાબતે કોઇ ફોરેન્સિક તપાસ કરાવેલ નથી કે કોઇ નિષ્ણાંતનો અભિપ્રાય લીધેલ નથી. જેથી સદર પેનડ્રાઇવમાં જે પુરાવો છે તે ઓરીજનલ જ છે અને ખરેખર તેમાં કોઇ ફેરફાર કરાયેલ નથી તે બાબતે શંકા ઉભી થાય છે. આમ, તપાસ કરનાર અમલદારની તપાસ ખામીયુક્ત છે.

ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે છે. જે બોજાનું વહન કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આરોપી વિરૂદ્ધ શંકા રહિત પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે. પરંતુ આ કામે ફરીયાદી તથા સાહેદોના પુરાવા ઘણો વિરોધાભાષ છે તથા તમામ સાહેદો ફરીયાદીના કુટુંબી છે. જે ફરીયાદીના સમર્થનમાં પુરાવો આપે તે સ્વાભાવિક છે.

આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૫૦૭ મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો કર્યાની હકિકતને સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧નો ઉત્તર નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**ફોજદારી કેસ નંબર–૧૪૧/૨૦૨૩**

**–:: આખરી હુકમ ::–**

**૧.** આ કામના આરોપી ધર્મેશ ઉર્ફે ધમભાઈ છરી હરેશભાઈ યાદવરહે. રાજકોટ, રેલનગર, સાધુવાસવાણી કુંજ રોડ, શ્યામજીકૃષ્ણ વર્મા ટાઉનશીપ, સી–૫૦૮, જિ.રાજકોટવાળાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૫૦૭ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીઓની હાજરી સહેલાઈથી મળી રહે તે સારુ આરોપીઓએ રૂ.૫૦૦૦/–ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

આ હુકમ આજ તારીખ ૧૭ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ: ૧૭/૦૪/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા, ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩